૫૮૫૮

કુંદ — કળા.

શંકર વિજય રાંદેર નાટક મંડળી

નેમાટે.

રચનાર

વ્યાસ નિર્ભયશંકર મંછારામ, રાંદેરવાળા



સને ૧૮૬૭ ના ૨૫મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવીછે.

સુરત

"ધી રાઈઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગંગારામ આત્મારામ પંડીતે છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કીમત ૦-૨-૦

કુંદ-કળા.

અંક પહેલો

૧

વારાંગના દરબારી } શિવ શિવ શિવ ગુણ અગાણ સાંબ હર.
કુદરત ભારી, શું શકું વિચારી!
લ્હેરો ન્યારી ન્યારી, દાતા બલિહારી! શિવ૦
નાનું નાવ નવું નવું સમુદ્ર તરવા છુટ્યું
તરવું કે ડુબિ જવું સત્ય શિવ બળે રહ્યું-
તું — દે — તા — રી - શિવ૦
તરવા સમર્થ નથી તારવા વિચાર કાંઇ-
ડુબે ડુબે ધર્મ દયા તું તારે દાતારે આભર્ત ભૂમીને,
હરહર તું દુઃખહરતું સહુપર એક નજર તું
નિરભયજો સતમયતો-
અવની- અંબર- શિવ૦

૨

વિદુષક—કોઇ કુસ્તીનો કરનારો આવે ત્યારે બતાઉં,
છે મલ્લ અખાડો મારો રાજા લાડવા ઉડાઉં,
કોઇ દશ ખાનારો આવે તો હું પચ્ચીસ ખાઉં,
કોઇ પચ્ચીસનો ખાનારો આવે ખાઇજ જાઉં,
હું કુસ્તી લગાઉં ને લાડવા ચડાઉં-
કોઇ મારી સાથે કુસ્તી કરશે ખાઇજ જાઉં.
લાડુ સાથે ભજીયાં પુરી ને આવેતે ખાઉં,
શાક દાળને ભાત નકામાં કાઢે [illegible]

૩

વિદ્યાર્થી—રજે અન્નને વસ્ત્ર બહુ માન પામે,
ભલા ભૂપતી હોય તે શીશ નામે,
ભણ્યા ને ગણ્યા તેજ ભંડાર વાળો,
રહ્યા મૂર્ખ ડુબે નહીં એક આરો.

૪

કળા—જાણવું જરૂર તારૂં કામછે વિચાર જીવ. જાણવું૦
અન્ન ખાય શેર તોય જન્ન ના વિચારે,
થાયછે ફજેતી તોય મન્ન નહિ વારે,
હોત પશુ તેજ ચોગ્ય કામછે. વિચાર૦
તારૂં થવાનું તેને શીદને વીસારે,
નાનકડા જીવને શું કામ મારે ભારે?
વિચાર સારૂં કર ફલે મુકામછે. વિ—જી૦

૫

વારાંગના—નૃપ વર રો અમર અવિચલ આમપર-
દુઃખહર સુખકર જે રેહેમ નજર-
શાંતિકર મનહર સદા પ્રેમધર-
સુલતાન વિજયી થાય, ધન્યધન્ય તે કેવાય,
જગત સુજશ ગાય, સદગુણી જીવો રાય,
સાચાને પ્રભુ સહાય, જયવિજય આમપર. નૃપ૦
આનંદરંગ આનંદરંગ ગાઓને રીઝાવો,
તક ગદિગનથા કટિનક માન દઈ બજાવો,
તરકિટ ધિન્ના ધાકિટ તાકિટ તદ્ઘુમિ કડનક કિડાનથા"
થૈયા-તાથૈયા-તાથૈયા-તાથૈયા— નૃપ૦

૬

૬-કળા—શંકર પણ વિજયી થયા વસિષ્ઠ પણ બળવાન,
રામ થયા રાવણ થયા- શ્રીમકૃષ્ણ કળવાન.
... તો જાયછે, ગયા ગયારે આગયા-

જાણે ગયા જુગ જાયછે, ફેરફાર થઈ રહ્યો.
કલ્પ કંઇ બદલાયછે, આ કળિ કાળ જાયછે,
જુવો જુવો શું થાયછે? જશે વખતે આ વહ્યો. જુવો—

૭

શુભાંગી—રતિસી આમ શું કરે, મધુર મધુર સ્માગીરે,
આ રુસણાં કર્યાં કહે, નકામી દુઃખ શીદ ધરે? અરે-અરે-અરે- મધુર૦
સોંપ્યું રાજ માગ્યું શીદ રિસાય દાસના પરે? અરે-અરે-અરે-મ૦
જય—

૮

આહોહો શી આ મતિમા સુધાસુધા અંગે વ્યાપ્યું પ્રિયના!
લપટાવી લલના રતી, જાંગ ચઢે તો સર્વ પિયૂ મનને.

૯

કુમુદ—આ સંસાર સુનો થયો એક જતાં ગયું ગામ!
સગી ગઈ સાવકી થઈ ત્યારે મારો રામ!
માડી સાથે સહુ ગયું ગયા પિતા બદલાઇ!
હાય હાય મા ગઈ મરી સુખડાં ગયાં તણાઇ!
બાપુને રામ રામ માડીને પ્રણામ કરું,
સુખી રહો એકલાં અભાગી હું પ્રયાણ કરું,
મળી ઓરમાન પછી બાપુનું શું માન રહ્યું?
બાપુને રામ રામ માડીને પ્રણામ કરું- —બા.

૧૦

વિમળા—આજે આનંદ! (૨) વાધ્યો ટળ્યો રડ્યો નડતરનો!
આજે આનંદ (૨) વાધ્યો કુમુદ બધું ભોગવશે!
આજે આનંદ (૨) કંઇ ઉમંગ ન માયરે!
ગયું કાસળ(૨)ને ટળ્યું પાપ મજા હરખાયરે!-આજે૦

૧૧

કળા—હાય હશો ના સાવકી માતા. —હાય.
ઝેર ઝેર વરસાવે ભુંડીને દયા ન આવે. —હાય.

કોણ હવે કોટે વળગાવે, કહી વ્હાલાં એ લાડ લડાવે?
સાવકીએ બાપુ વશ કીધા.
હાય! હાય! હાય! હાય! —હાય.

૧૨

કુંજા—ઓ ભાઈ દુઃખડાં કેમ સહેવાશે?
કુંદ—ઓ બેની ધાર્યું પ્રભુ તાણું થાશે.
કુળા—માડી ગઈ ગયાં સુખ સહુ ઊડી પીયરે માયા ઉતારી-
ઓરમાન માતાએ દીધાં ન ઠરવા વિપતી પાડી ભારી-ઓ ભાઈ.

કુંદ—રડના છાની બેની પ્રભુજી તારી ખબરો લેશે-
કુળા-ભાઈ જશો પછી માતા મુજને જરીએ ઠરવા ન દેશે-ઓ ભાઈ૦

૧૩

છોકરા—તારા બાપની બાઈડી તારી બા.
ગાંડા કુમાર—ચૂપ—ચૂપ—ચૂપ—
છોકરા—હેં—હેં—હેં— તારા૦
અલ્યા અલ્યા આતો છે ઘેલો,
છી છી છી છી અંગે મેલો,
રમતા ના કોઈ એની સાથે,
કુમાર—જોજોની હું મારી માને કહી દઈશ! બાપ
અં—અં—અં—અં— તારા૦

૧૪

કુળા—ગયા બાપુજી ગોતે! હો ગયા બાપુજી!
વીરાને શોધીને તેડી જ લાવશે માડી રીસાવશે બહુ,
રીસાવશે પછી બાપુજી મારશે રૂજે તો જોશે સહુ—ગયા.
આપણે તો ઓ આનંદ થાશે રમશું આનંદ ભેર,
રાજા થશે ભાઈ પરણશે બેન સાસરે લીલા લેહેર ।।ગયા.

૧૫

...—અલી એવી કોણ છું જે મારે?

આજ છાની રહે ન બોલતી આજુ'! —ઘોણું.
માગણીયે તો મારવા ધાય,
ખાસડે ભુંડી તું રાજી થાય,
લાજ નહિ તેને શું કહેવાય!
જા તને જોઇને જીવ ડાવાય!! આજ.—૨

૧૬

જયપાળ—લાજે નહિં તું હજી એ હેવાન?
કપટે ફસાવી કારીઘા લગાવી મારાંને ડુબાવી લીધું મારૂં માન.
જા દૂર થા દૂર ચંડાળણી નાર ભૂલીને ભૂલાવ્યું તેં મારૂં ભાન.
હીણી તે શ્યાણી સીતા ક્યાંથી થાય?
પાપીણી તું જગામાં ન સમાય!
જનુની લજાવી હાથે વિષ વાવી બાળાને તજાવી બનાવ્યો નાદાન.

૧૭

દેવબાળા—મારૂં ઠાર મારૂં ઠાર ડરૂં ના લગાર,
અતી છકી અપાર કરૂં ધુળ અવતાર,
શું તું જાણે ગમાર?
નવતે વિચાર કાંઇ કર્યો લવભાર,
હવે જો ખાશે માર, વ્યાપ્યો હૈયામાં ખાર,
ડરૂં કરૂં જો પાર. —મારૂં.

૧૮

કુમાર—કુંવરજીના લગન આવ્યાં લગન આવ્યાંરે.
વ્હાલાજીના વીવા આવ્યા વીવા આવ્યારે.
એ હું તો ભુરે ઘોડે ચઢીશ હુંઓ!
ડાકટર—ભુરા ઘોડા તો કુંભારને ત્યાં આરો મળશે—કુંવરજી.
કુમાર—લગનમાં તો આવ્યા લોકો—
ડાકટર—વરને જોઇને મુકે પોકો —કુંવરજી.
કુમાર—વરરાજા તો બકુ ફાંકડા લટકે ચાલે બહુ વાંકડા!

કાકેટર-જીવતાં કાંઈ ગયા લાકડાં મુઆં માનવી ખરામાકડાં –કુ૦

૧૯

કમળા—હો સ્વામીરે હું અબળા જાત,
અરેરે અરે હો સ્વામીરે. હું૦
સારું કરૂં માઠું ઠરે કરમે જરા ન ઉગાર,
બાળક પણ ગાળો દીએ જીવીને શું સાર? —હો૦
સમજુ નહીં બીજું કશું બાળા પતિની હાથ,
તોયે શિદ ઠારે નહીં હરહર તું જગ નાથ. —હો.

૨૦

જયપાળ—રમણિયપુષ્પ લતાનું નાજુક એમ ન જા કરમાઈ,
તું કરમાતાં ભ્રમર ભુલું હું દે ખિલિને રસ પાઈ;
ભુલ સહુ માફ કરી બોલ બોલ સલુણી હસો —જુ.

૨૧

કળા—હું કોને કહું દુઃખ હવે હે હરી?
હાય હાય ગઈ માડી મારી શે મરી! —હું૦
ગાંડાથી મુજને શીદ પરણાવો?
વેરી થયા કેમ મેહેર ન લાવો?
બાળ નમાયાને શાને રીબાવો? —હું૦

૨૨

કસ્તુર—મોટા શેઠ વેપારી આવ્યા ભાઈઓ વઉને તેડી લાવ્યા।
ગરજે ગાંડા વણિક વિખરી જર નારે લલચાય,
હું સહુમજુ મારા ધંધામાં ભલા ભલા ઠગાયા—મોટા૦
ભલો આ ચાલની મજુ.

જુની—ચલાશે તેમ ચાલીશું—

કસ્તુર—ઓતારો નખરો ને ઓતારો લટકો હાં—મોટા૦
ઘસાય લોઢું ઘસાય લાકડું પથ્થરને પાણીઆ,
નથ્થુ ભાઈ હુરચાના દાદા ઘસાય નહિં વાણીઆ—મોટા૦

૨૩

કસ્તુર—મલને માર્યા વાઘ રમાડયા,
જુની—માકડ મર્યા છે,
કસ્તુર—મોટા મોટા લડનારાને પણ સંહાર્યાછે!
જુની—આ શું કહ્યું?
કસ્તુર બાપરે શું કહે—મશ્કરી કીધી હું અં લુચ્ચી!
જુની—શું રૂપાળા છે રૂપે વાંદર રંગે કાજળ પુછડાં વાળાછો!!

૨૪

જુની—પુરી આશા હરીએરે ખુશખુશ થાઉં!
મળી બાળા રૂપાળી ઘરે ઝુલાણાં ઝુલાઉં!
રોજ રંગે રમાડું જમાડું ને લડાઉં,
ક્યા વાર ફેરોના ચાલોજી અલબેલા!
કસ્તુર—એ પડતી મુકો માનોજી-
જુની—છો બેસા!!! પુરી૦

૨૫

કુંદ—તું બની ફરોગિયો જાળ તેં ખરી રચી,
આ ગુંચાયો જીવરાજ તારમાં ફસી,
થુ થુ થુ પ્રપંચી નારી તું,
શું રૂડી રંગવાળી છે કટારી તું!
મીઠું મૂખડે હસી છાની પ્રાણ લે. ધસી-
ધિઃક વિષય અંધ જાયછે ફસી!! થુ૦

૨૬

કુંદ—પ્રભુજી લેજો બાળાના ભલે છિનાવી પ્રાણ,
પણ માયાળૂ માવડી મરજો ના ગુણવાન.
ભર વગડામાં વાછરૂ નહિ વાડો કે વાસ,
રીબી મરવાથી ભલે જાય પ્રભુની પાસ.

૨૭

સાધુ—મનખા દે ફિર નહિ પાવેગા કયું એ બંદે ડરતા હય?
કરતા હરતા હય હરશંકર આપઘાત કયોં કરતા હય?
લિખ લિખા કિસમતમેં બિધિને વો ફિર કબહુ ન ફિરતા હય
યહ માયાસે મોજ કરેગા સતસે શુભ પર ચિરતા હય!
હંસા પલમે પંથા લેતા પીંજર ખાલી પડતા હય!
માયાસે મન જખ મારો વો નિરભય સચ્ચા તરતા હય.

૨૮

સાધુ—સમજ ડગ ભરરે સત મારગ ચલ જા પ્યારે.
રખના ડર એક પ્રભુકા, વો કરતા હય નહિ ફુજા,
ચતુર ધીર ધરરે— સત૦
હર શંકર તુરિયા સ્વરૂપ સચ્ચીદ આનંદ રૂપ,
નિરખ નિરખ મન મુરખ બન નિરભય રૂપ અનૂપ. ધીર૦
નિયમ નિયમ સવિતા પ્રભુ ચલે અચલ તબ તેજ,
ગ્રહન લગે ઉન દેવકો બાદલ છાંયા સ્હેજ— ધીર૦

અંક બીજો

વિમળા— ૨૯

રસિક રસિક મનડાં તું બનીજા-
મોજ કરી નહિ આ જગ માંહી! રસિક૦
સહુ મત લબનાં તું કર તારૂં,
જાણ્યું જો માણ્યું!
કોણે જોયું ત્યાં તે આવું થાનારૂં!! રસિક૦

૩૦

વિમળા—એએએએ એએએએ બાળા—
મળ્યાં ના ભોજન નિત ભાત ભાત,
ગમતાં મન ફરતાં જીવિત બળયું તો તારૂં! એ૦

પ્રિતિ સુગંધ મંદ મંદ મધુરી
નવિ નવિ માણુ તે ચતુરા,
રસિક પુષ્પ ભમરીજે ચુસ્યાં-
તો તું જન્મી સફળ સરવ સુખ માણ્યાં. એ૦

ડાક્ટર— ૩૧
અધું કામ પાર નહિ લાગે વાર હવે રાણી પ્યાર કરશો ક્યારે?
મળે છેલ નાર રસ સુખ અપાર 'ધન બેસુમાર મળશે ત્યારે!
થઇ પૂરી ધાર કોણ પછનાર સહુ તાબેદાર બનશે મારે;
હવે ક્યારે યાર કરી પ્યારી પ્યાર રંગીલી નાર રસમાં તારો!

૩૨

જયપાળ—ક્યું કાંઈ પ્યારી માગી પ્રેમ જાગ શી બિછાવી!
રહ્યો હૈયે મુંઝાઇ નિકળી ન શકું હું હાવી- ક્યું૦
સીંચી હરણાંએ આંખથી પ્રીતીના મોહ દીધો,
કરી જાદૂ પ્રિયા શું પખા પાસમાં લીધો- ક્યું૦
અહાહા ઈશ્વર કીધું પ્રીતીનું પૂર કેવું!
બધ ખેંચો રોઝાવી જેવું તેને દે તેવું. —ક્યું૦

૩૩

જયપાળ—ગણી અધિક મેં માણથી તો પણ પાપણી નાર,
નર થઇ મારી જા ભુંડી જાત તને ધીક્કાર!
ધિ:ક ધિ:ક તને હજાર છે ભુંડી તને ધીક્કાર,
અરે જા હિણી ગમાર કીધો નહિં વિચાર- ધિ૦
હાથે કરી અસાર તેં જીંદગી ધિક્કાર ધિ૦

૩૪

કમળા—જન્મીને સુખ લીધું નહિ રસિલી(ર)
રાજ્ય મળ્યું પણ અંધારામાં પડી પાંજરાં માંહિ,
લહેર ન લીધી લાલ માળીયો બહન વાડી [illegible]
[illegible] નહિ રસીલી —જ૦

બહુ શ્યાણીને બહુ બહુ વીતે હડ હડ હડ થઇ જાય!
સ્હમજે તે લે લ્હેર ઉપરથી શ્યાણી સીતા થાય.નહિં૦
રસીલી—જન્મી૦

૩૫

વિમળા—ચાલો ચાલો માણુના પ્યારા (૨)
કામણગારા, આંખના તારા, સ્નેહ સુધારા,
ડાકટર—પ્રેમની ધારા છો! ચાલો૦
રાણી—પ્યારાની તો દાસી સદાની,
ડાકટર—હાર હૈયાની છો-
બંન્ને—અરે વાહ! વાહ! વાહ! વાહ!
ડાકટર—મોહન ગારી,સુરતી સારી, ને બલિહારી, મીઠડી તારી,
વિમળા—હું ગઇ વારી!
ડાકટર—પ્રેમીની પ્યારી છો!! ચાલો૦

૩૬

કુંદ—નસીબની આ શી બલિહારી! (૨)
ઘડીમાં રાજા ઘડીમાં જોગી પળ પળકે ન્યારી!નસીબ૦
લિલાટે લખ્યાં હસે ભાવી,
ભટક્યા રામ વિકટ વન માતાસીતા સુકુમારી!નસીબ૦
નસીબને હરી મદદ તારી,
ભર વગડામાં નાના લવકુશ લીધા સંભારી. નસીબ૦

૩૭

કુંદ—અરે જારે જારે જારે શું અનાડી બકેરો
શું અનાડી બકેરે આમ શું તું છકેરો
તું કાયર રણમાં શું ટકે? અરે૦
મુરખ હોય તે મોઢે બકે બહુ,
હોય અધુરો ઘડો તેજ છલકે છે રે! શું૦
તું તસ્કર તે શી ગણતીમાં?

જો કાળ કટારી તીખી આ ઝબકે છે. તું૦

૩૮

કસ્તુર—એમ શું કરોરે શેઠાણી એમ શું કરોરે?
જુની—તમે વાહરે મીઠુ વાણીઆ!
કસ્તુર—પ્યારી મારી એમ શું કરોરે?
જુની—વાણિયા વેડા કરો હવે વેગળી રૂપીઆ છોડો આમ.
કસ્તુર—ગજવાં મારાં જો છે કાંણાં નહી ફૂટી બડામ- એમ
જુની—યાદ રાખો આજે મારીને મરીશ કદી નથી છોડનાર,
કસ્તુર—હું ટો ટારો નોકર ચાકર એમ કરે શું યાર! એમશું૦

૩૯

કળા—પડી પડી તો સામટી ડરી ના બિચારીરે! પડી.
બીની બાપથી પડી કુવામાં મરી ગઇ ના દુખિયારીરે! પડી.
વણીક તણે હાથે ચઢી બાળા નસીબે ત્યાં એ નઠારીરે પડી.
જીવીને શું કરવાનું છે કળા તું તો મુએલીજ સારીરે પડી.

વારાંગના— ૪૦

આપારી સવારી કોતલ ધીમે ધીમે ચાલે રાજા—
બાદીલાજી હો હો આળુ આવે મારા રાજ.
નાજુક ગોરી પાતળી કમર લચકાંજ ખાય,
ધીમે ધીમે માણજો મારો નાજુક જીવ ગભરાય- આપારી
સજન ફૂલ ગુલાબકા ધૂપ પડે કુમલાય,
જો આવે બિચ બાદલી સૂરજકો દે છાય. આપાર

વારાંગના— ૪૧

તું રહો શાહ કાયમ પ્યારે, સદારંગી ન્યારે ન્યારો
જાનો પ્યારે આખો પ્યારો જીયો જીયોજી મતવારે. તું૦
સરદારી સુખતારી સારી ગુલકારી ભારી,
છબ પ્યારી રંગત ન્યારી, છાઇ હય બાદ બહારી,
સરવર દુઃખહર, બરતર સુખકર, ગરીબ પરવરતું,

ઓર માફ પારે સબસે આસે,
અમર રાજ દાયમ રહો બાલે. તું૦
(સવાઇઓ- ૪૨
અરે વાહરે વાહરે વાહ અચ્છી કયા એ બાત !!
ખાસીથી—
ભરીથી જૂઠ બોલેગા તો ખા જાયગા દો લાત. અરે૦
કરકે ચોરી બન ગયે કાજી !
પીકે શીશી બન ગયે રાજી ! વાહરે૦
માર ખાય બીન સ્હમજ ન આવે,
શીશીસે જીયરા લલચાવે-!!! વાહરે૦
૪૩
કસ્તુર—અલી કેવું નહિ કેમ માને!
જુની—હયો ત્યારે—!
કસ્તુર—ઓ મારે —!
બાપાને બોલાવું, પછી જો બતાવું, માને તેડી લાવું;
વલે હું કરાવું,

નવી—જરા ડર-
જુની—છાની મર-
નવી—અભાગણી સારૂં કર, તારાપર ફટપડો,
જુની—રાંડ હવે છાની મર-કહેવું૦
જોર જવાહો
કસ્તુર—બાહો ખરી-
જુની—ફળાને લાવો-
કસ્તુર—ફાટી વળી-
જુની—છોડો હવે ખટપટ, બતાવો ઝટપટ,
નવી—બોલે શું પટપટ!
જુની—જા રાંડ દુર હટો

નવી—આય મા મરી નાંખી-
કસ્તુર—ઓય મા પાંસળી ભાંગી ! કહેવું૦

૪૪

કસ્તુર—હાડકાં ભાગે (૨) બે બાયડીનુ સુખ આ જો જો!
ઓયરે! બાપરે!-ઓયરે! મારે- હા૦
જુની—વિચાર કીધો નહિ પહેલાંથી, મારા ઉપર શૂળી કીધો,
હું ઠરવા દઉં નહિં કોઇથી;
કસ્તુર—ઓ બાપારે!- ઓરે મારો હાડકાં૦
બે બાઇડીના વર ગધેડા,
નવા—સાસૂજી સસરાજી દોડો,
જુની—બન્ને બેસી માથું ફોડો!
કસ્તુર—ઓ બાપારે!! ઓરે મારે!! હાડકાં૦
ડોસા-ડોસી— ૪૫
આ તે શો ઉતપાત વઉજી આ તે શો ઉતપાત!
નારીને વશ થયો અભાગી દીકરે બોળી જાત!
કસ્તુર—બે બાયડી પરણાવી તમે મને મરજો માને તાત.વહુ૦
નવી—મા બાપે મૂકી ભર દરિયે,
ડોસો—વઉજી રાખો શાંત,
જુની—ચાલો ઉપર મારી સાથે,
કસ્તુર—પેહેલો નંબર વાત!! વહુ૦

૪૬

(કમળા-ક્યાં બાળક ક્યાં પતિને હું આવી પડી!
પાપ કર્યા તો પીડા નડી અપારજો!
સાચાના સંગાતી ભૂલી ભામિની,
પાપ કરી દુઃખ વેઠી ઠરી ગમારજો -ક્યાં૦
એક ગુન્હો કર માફ હવે ચુકું નહિ,
મેળવ મારાં વહાલાં કેરી બાળજો.

મારાંને દુઃખ માટે મરૂં છું તો ખરી,
પાપીણીને જીવવામાં શું સારજો? —કયાં૦

૪૭

સરદાર—મ્હું ફિરાતી કયોં પ્યારી જીયા કરૂં કુરબાના!!
દિલજાન પરેશાનરે!— ફિ૦
આઓ ગલે મીલ જાઓરે પ્યારી પ્યારી જાન! ફિ૦
સ્હેન પડે નહિ પ્યારી ઘડી પલ, આઓ દિખાઓ
ન સુંદર છલબલ,
આઓ વારી પ્યારી જાન!! ફિ૦

૪૮

વિમળા—મુરખ મન નટખટ વિચાર તું.
કુડાં કામ તો તમામ દુઃખનુંજ રહે ધામ,
ધિઃકાર અભાગી શીદ ડૂબાવેછે નામ? મન૦
રૂડાં કામે રૂડું નામ ભૂંડાનું ન ભલે કામ,
ધિઃક ધિઃક બીજુ કહેવું શું.? મન૦

૪૯

કુંદ—ચાલ પાપી દુર થા, ચાહે જીવવા જા!
શરમ શરમ નફટ લંપટ નીચ લુચ્ચા નીચ લુચ્ચા! ચા૦
પાપી દુરજન હરામી મુરખ મન,
ચલ હટ નટખટ ધિઃક ધિઃક ફટ ફટ—
જારે જા ભૂંડા—
દગો કરી કોઇ રીતે જીતે નહીં—
હરામી સમજી પોબાર થા
સમજે ના હાથે જાતે માથે હોરેછે,
ગમાર નવથા, માર નવ ખા, વાર કરના. ચાલ૦

૫૦

સિપાઇઓ—અબતો બંદા બનેગા સરદાર!

વાવાવાવા વાવાવાવા!!!
હાંહાંહાંહાં હાંજી મીયાં! બંદા૦
જાજાજાજા જાજાજાજા,
અલ્લા તાલા માર દીયા. બંદા૦
હમ તુંમ સબસે હયગે બહાદુર મારેંગે તલવાર,
મીયાંકી સીકલ તો દેખો ઉલ્લુકે સરદાર— બંદા

અંક ત્રીજો

વિમળા— ૫૧

હાય દશા પાપીની આવી! હાથે કરી વિપતી નિજ વાવી. હાય૦
જગત વાટીકા આ જીવ માળી, કુસુમ ન કોઈ હાથે આવી. હાય૦
કાળાં કર્મ તણાં કડુ ફળ છે, સત અમૃત ફળ દેછે સુખકારી. હાય૦
નિરભય એકજ સત્યજ મોહું સત્ય તરે પછી દુઃખતો ભાવી. હાય,

કુળ— ૫૨

સુખી નહિ જન્મીને થઈ, દુઃખણી રહી,
આફત રહી વહી પડી વિપત ના ગઈ—સુ૦
માવડી ગઈ મુકીને ભાઈ ગયા હાય-હાય-હાય-હાય!
ધિરજ નહિ ધરાય અમુંઝાય, મન દુભાય, નવ ખમાય, હાય હાય,
ઘડી ઘડી બહુ રડાઈ જાય, મરૂં મન થાય, તોએ નહિ —
થાય, લાગી રહી લ્હાય,
હિણભાગીનું મ્હોતે ન થાય!
દીન દીન રિબાતી જાય, ન જડે કો ઉપાય,
રે! જીવ હવે કોણ રડાય! વ્હારે ધસી કોણ ધાય!
દુઃખથી જે છૂટાય! વીરો હોય ધીરે ધીરે દુઃખ આ દટાય.સુખી૦

૫૩

નેમચંદ } મેર બોલે નઠારૂં એવું શું?
વાણોતર } નહિ સારૂં નઠારૂં જાણેતું. મેર૦

એ ખીસ્સાં તો ભરીએ,

નેમ— તો કામે પણ કરીએ,

વા— એ કામતો ખાવાનું,

નેમ—એ બાપરે નરકમાં પડીએ!

વા૦—અરે સરગમાં જઇએ,

નેમ—અરે ફજેત તો થઇએ,

વા૦—ત્યારે વાણીઆજી રહીએ૦ મેર૦

૫૪

જયપાળ—બાળકો ગુમાવ્યાં નારી ફંદમાં ફસાને. —બાળકો૦

મ્હેલને જરૂખા માળ છાંયડે રમ્યાં સદા,

વાહને ચઢેલ લાલ વેઠશે શું આપદા? —બાળકો૦

ક્યાં હશે સદ્દગુણી કુંદ ખ્યાની દીકરી કળા?

દુઃખ વેઠી ના શકે સુકાઇ થશે શ્યામળાં. —બાળકો૦

નારી વશ જીવ બન્યો લાભ એક ના થયો,

ભૂંડી એ ભુલાવી ગઇ ભુલી તું રહી ગયો.—બાળકો૦

૫૫

કુમુદ—

શોધી લાવું હું રે (૨) તમે ક્હીયો બાપુજી શું કામ!

મરદ જો ખરો તો પકડું સપાટે દુનિયા શોધી તમામ. શોધી૦

ઠાણું કરે પછી માતા શું કામની કુળનું બુરાડયું નામ. શોધી૦

૫૬

નવી—કથા મારી ક્યાં સંભળાવું રે બેનો કરશો ના આવું રે.

એક ઉપર હતભાગી બીજી બેથી બગડી જાય,

ઘર વંઠે લક્ષ્મી પણ છાંડે શોક નાહં લજવાય. કથા૦

૫૭

કસ્તુર—કથા મારી ક્યાં સંભળાવું રે ભાઇઓ કરશો ના આવું રે.

એક મારીને હાડકાં ભાંગે, બીજીએ માંડી મોકાણું,

કસ્તુર કાકાચંદ તું ભુલ્યો ફરશો ના બ્રાહ.—કુણાલ

૫૮

જુની—હાલો ભરથાર,
કસ્તુર—જરા જાઉં બહાર,
જુની—આશો ત્યારે મારા,
કસ્તુર—સલામેરે સલામ.
જુની—કરો દાઢી મુછ,
કસ્તુર—બાકી રહ્યું પુંછ,
કહે જેમ તુંજ, ગુલામ છું ગુલામ.
તું તો મારી જાન,
જુની—આવો કુરબાન,
બંન્ને—મળ્યા પિયુ પ્રાણ ચાલો આમ ચાલો આમ.—

સ્ત્રીઓ—

૫૯

ગાઓ સાહેલીરે અંબા રૂપાળી રાણી ભોળાની;
જળહળ જ્યોત બિરાજે, ઝમ ઝમ ઝાંઝરા વાજે,
રંગ અંબીકાજી રંગ, રંગ શંકર સુરંગ, નયન છા
જેરો! અંબા૦
શક્તિમાં શક્તિ મળે મોટી મોટી જાય;
શક્તિ વિણરે પ્રાણીઆ ફોકટ ફેરો થાય. નયન૦
પ્રથમ શક્તિનો પ્રતાપ, શિવની ગતિ તો અમાપ. નયન૦
શક્તિ આ વ્યાપી રહી અંધાને દેખાય;
જય જય શક્તિ માત તું સમજે નિર્ભય ગાય. નયન૦

૬૦

સખી—ચાલોજી ચતુર નર અમ સખી ઘરા
કુંદ—મને માફ કરો,
રમા—બીજી વાત કરો, શાને દુઃખ ધરો, આવે વગ ફરો! ચાલો
કુંદ—ચેકાતું બને નહિ,

રમા—જાઓ એક હી રહી,

કુંદ—ઘડી તો ઘણી થઇ,

રમા—વાત રાજા સે કહી;

સખી-રમા—પ —ધા —રો —જી

કુંદ—રસીલી છે છબીલી ને મધુરી
    પ્રિતે પુરી આ મિઠડી શી આંખડી! આ૦

સખી—નહિં જ મનાઓ? શું નહિં આવો?

રમા—મારા સમ શાને તલસાવો!!

સખી—ના ગભરાઓ, ના ડરી જાઓ,
    મન ભાવેને મુડી હસાવો! આલો૦

૬૧

કળા—ડરી નહિં બાળા આ બિચારી, (૨)
    આવ્યું નહિં મોત હાસ હવે ગઇ હારી,
    એક જનુની સીધારી; વ્હાલી બાળકી સીધારી; ડ૦
    વેરણ બનીને સાપણી ડસી કૂમળી કાય;
    સાવકી સાપણી ડસનું ઝેર નહિં રૂઝાય,
    નાના નાનાને રીબાવી, પાપણી એ ગઇ ફાવી,
    જરા દયા નહિં ધારી. ડ૦
    ભાઇ બિચારો ક્યાં હશે? રઝળું છું હું આમ!
    દીન દીન શિગે દોધલા સુઝે ના ચોહામ;
    દુઃખડાં અપાર પડ્યાં, પાપ શાં એ આવી નડ્યાં,
    હરી હવે લે ઉગારી. ડરી૦

છોકરા— ૬૨

    વાહ જબાન! વાહ જબાન! વાણીઆ ભાઇ તમારી,
    લાગે નઠારી–!

કસ્તુર—કહું છે ઠમારી–!

છોકરા—વાણિયા નહિં હેવાન,

કસ્તુર—અમે ઝટ કેદમાં લઇએ,
છોકરા—અમે તો દાવમાં લઇએ,
માર્યો બે મારો ધપા ધપ. વાહ જવાન!
વરાળી લેવી અમારે,
કસ્તુર—પૈસા આલ રાખની ટાંરે,
છોકરા—પૈસામાં તો સોટી ફડાફડ. વાહ જવાન૦

૬૩

છોકરા—અરે આવોરે આવોરે એના લુટી માલ ખાઓ.
કસ્તુર—આ ઉંદરીઆ ધુળ ખાઓ અહીં નહિં જરા ફાઓ!
છોકરા—સુપરે સુપરે કોથળાને મુકી દે--
કસ્તુર—બાપરે બાપરે સિપાઇરે લુટી લે--
છોકરા—છોડશું ના, ફાડશું ને મારશું ને ઢોળશું—
કસ્તુર—અરરરરરરર લીઓ લીઓ આપુંછું—
છોકરા—હડ હડ હડ ધુતા છુટશું ને લુટશું ! આવો૦

૬૪

રાણી—કળી જુગ કરિ જો જો કૃત્યએ બીજ વાવ્યો,
હર હર કરિના હું દુઃખનો પાર નાવ્યો,
અણ સ્હમજણુ ભૂલી શાંતિનો માર્ગ છાંડે,
દુખ દુખ પછી દેખે મુર્ખ પસ્તાય રાંડે.

૬૫

કુંદ કળી—
મળ્યાંરે બેન ભાઇ આનંદે અપાર;
આભાર કર્યો કિરતાર! જય જય જયકાર! આનંદ૦
મન તણી મીટી આપદા, થયાં સુખી જય જય જયકાર!
આનંદ૦

૬૬

રાણી—હાયે ફરી બની દુઃખીઆરી, કંઈ કૂડાં કૃત્ય વિચારી,

બની નર્ક તણી અધીકારી, ગભરાય! જીવહાય!
મેં કરી પાપનાં કામ, ડુબાવ્યું નામ, ઠરી વ્યભીચારી. હાયે૦
બાળુડાં બે શોકના તેપર રાખી ખાર,
પ્રપંચ કીધા મારવા કાઢયા વનમોઝાર.
પતિને દુઃખ દીધું ભારી, સહુ ખોટી વાતજ મારી. ગ૦
પતિને પણ પછીથી તજ્યા કર્યું મહા એ પાપ,
ખાડો ખોદે તે પડે પોતે આપો આપ.
એ ઘોર પાપીણી નારી, હું સાવકી માછું તમારી. ગ૦

૬૭

કુળા—વારે અલી મધુરી મેના! ખેંચે હસી નેણાં!!
રમા—શું બનાવો! શું લજાવો? નાની નણદી શું સતાવો!!
કુળા—વાહ નખરો! એમ શું કરો! વાહ લટકો! કેવો ચટકો!
લટક મટક બહુ ડોલે રસીલી! ધીરી ધીરી સહુ જોશો છબીલી,
નાજુક કટી લચકો કરે છોડે નયન કમાન,
લપટાઈશ ભુજ પાસમાં ત્યારે સમશે તાન.
ઈસારે સમજાવે કેવી! લટકાથી લલચાવે કેવી!
રંગલી રસીલી ભાભી વાહ!!!
* * * * * * * * * * વારે૦

૬૮

રમા—આવોજી, આવોજી, આવોજી, * * ,
કુળા—ભાભી વાટ જોઈ રહી સંભારે છે કયારની. આવોજી૦
રમા—હું તો ગઈછું વારી,
કુળા—ભાભીની બલીહારી,
રમા—મીઠી વાણી તમારી,
કુળા—ભાભીની છબી પ્યારી, હું તો ભોળી બિચારી,
રમા—વાત બનાવી સારી, વ્હાલા લેજો વિચારી,
વસોછો ભેળા મારી. ભાભી૦

કળી— ૬૯

ગુંથ્યા ગજરા (૨) ભાભીને ભાઇને આજ વધાવવા.
ફુલ જાઇ જુઇને ગુલાબ તણાં, ગુલદાવરા મોગરાની ન મણા;
ભાઇ ભાભી વધાવું ભરી નયણાં. ગુંથ્યા૦

૭૦

કુંદ—બોલ રસીલીના મીઠડા સારા!
રમા—મીઠું બોલી મનડું હરનારા
કુંદ—પ્રાણ પ્રિયા મારી આંખોના તારા!
રમા—માન્યા મળ્યા પીયૂ કામણગારા!
પ્રેમ હીંચોળે લઇ હિંચનારા—
કુંદ—પ્રેમ વસ્યો સહુ અંગે તમારા—
રમા—પ્રેમની મૂરતી પ્રીતમ પ્યારા—
ભાવ પુર્યા પ્રભુ એ સહુ મારા—
કુંદ—અરે વાહ પ્રિયા!
રમા—છો રસિયા!
આંખ નચાવો હસી હસી થોડી!
કુંદ—પ્રેમ કટાક્ષ કરે બેની જોડી!
રમા—પ્રેમે ભીંજાવી—
કુંદ—ને લલચાવી!- બોલ૦

૭૧

સ્ત્રીઓ.—અગરજાને અતર પુષ્પો વિવિધના નવ પાર;
પ્રેમ પ્રવાહમાં ડુબતીરે રૂડી ગાયછે ગોરી નાર;
વિવા ભલે આવાઆ!
સાચાં માણેક ચકચકે ને મોતી ગુંથ્યાં જાય,
સદગુણી સ્વામી સાંપડોરે રંગ રંગ ભીંજાઇ અપાર.
વીવા૦

૭૨

વિભળા--ભરમાઇ ભોળી પિયૂ કરો નજર–
ડર રાખ્યો નવ હરિનો મન પર,
કર્યાં ન ઠરી બાળકને દુઃખકર.   ભરમાઇ૦
સાર ના અપાર માર નાર ભૂલે ભરથાર,
દુઃખ દવ દેખે, સુખ નવ પેખે, જન નવ લખે, પામે હાર–
મુરખ હોય ચૂકી જાય, ચતુર તેની વ્હારે ધાય–ભરમાઇ૦

સર્પાત્રો   ૭૩

ડગભર જન જોઇ તર ત્યારે સંસાર-
જગત ધિરા ચતુર-   ડગ૦
સત્ય તરે, સર્વપરે, કદી ન ડરે, નીચ્ય જન હાર ઠરે,
સ્હાય કરે, શીવહરે, ધીરધરે, લાભ ભરે,
જય જય થાશે, નીરભય સત તોળે, ધિરજ ધિરજ ધર વીર:
વા - વે - તે - કું - અન ફગ સાગુરો શુભ શુભકર- ડગભર૦

સમાપ્ત.